# ડીપીએસમાં યોજાયો વાર્ષિક રમતોત્સવ

**ડાયરેક્ટ ❤ સે**

નસીબ જ્યારે
આપણા હાથમાં
ફળ ને બદલે લીંબુ પકડાવે
ત્યારે નિરાશ થવાને બદલે
શરબત કેમ બનાવવું
એ વિચાર કરવો જોઈએ

**જન્મદિને વધામણી**



સ્વરા પ્રતીક મોદી
મો. ૯૯૭૪૬ ૩૦૯૪૧







ગાંધીનગરની ખ્યાતનામ દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે રાજ્યના ખ્યાતનામ તૈરાક કમલેશ નાણાવટી અને એથલીટ પ્રદિપકુમાર આલોક ઉપસ્થિત રહ્યા હતા. સ્કૂલના ડિરેક્ટર અને પ્રિન્સિપાલ દ્વારા રમતોત્સવના સુંદર આયોજન બદલ સૌ શિક્ષકગણ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના પૂર્વ વિદ્યાર્થી ધર્મિલ શાહ અને દિલપ્રીત કૌર કે જેઓ અનુક્રમે ટેનિસ અને તરણ સ્પર્ધામાં આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાના કૌશલનું પ્રદર્શન કરી ચૂક્યા છે, તેમણે આ પ્રસંગે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી ઉદ્‌બોધન આપ્યું હતું. શાળા પરિવાર દ્વારા બંને રમતવીરોનું સ્મૃતિચિહ્ન આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૩**
સ્ટારવૉર્સ (૩ડી, અંગ્રેજી)
૨.૦૦, ૯.૪૫
સ્ટારવૉર્સ (૩ડી, હિન્દી)
૪.૪૫
ફર્દીનેન્ડ (૩ડી, અંગ્રેજી)
૭.૩૦
**સ્ક્રીન-૪**
લવની ભવાઈ
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
**સ્ક્રીન-૫**
ફુકરે રિટર્ન્સ
૧૦.,, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

# એએપીસીસીની વિદ્યાર્થીની રાષ્ટ્રશ્રેષ્ઠ સ્વયંસેવક

ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વ વિશ્વવિદ્યલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટની વિદ્યાર્થીની અંજલી પંકજભાઈ પટેલની પ્રશંસનીય લોકસેવાના સન્માનાર્થે ભારત સરકારના યુવકસેવા, સાંસ્કૃતિક અને રમતગમત મંત્રાલય તરફથી બેસ્ટ સ્વયંસેવકનો એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

એનએસએસ સ્વયંસેવક અંજલી પંકજભાઈ પટેલને ૨૧ ડિસેમ્બરનારોજ વિજ્ઞાન ભવન ખાતે યુવા મંત્રીના વરદ હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવશે.



ઉલ્લેખનીય છે કે સમગ્ર ભારતમાંથી ૩૩ લાખ એનએસએસ સ્વયંસેવકોમાંથી માત્ર ૩૦ સ્વયંસેવકોને આ એવોર્ડ આપવામાં આવે છે, આ પૈકી અંજલીની પસંદગી થઈ છે. અંજલી પટેલને સમગ્ર માર્ગદર્શન ડૉ. રણછોડ રથવી તરફથી પ્રાપ્ત થયું હતું.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, ડિરેક્ટર ડી ટી કાપડિયા, રજિસ્ટ્રાર એસ કે મંત્રાલા અને કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા તથા યુનિવર્સિટી પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવીએ સમગ્ર યુનિવર્સિટી વતી અને કૉલેજ પરિવાર વતી અંજલીને બિરાવી અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગરમાં સૌપ્રથમવાર વિસ્તૃત ફલક પર

# મેગા અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન

## ત્રણ સભ્યોની બનેલી ટીમમાં ઉંમરના બાધ વિના સૌ કોઈ ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા. ૧૬

યુવાનો અને મહિલાઓના વિકાસ અને માર્ગદર્શન માટે કામ કરતી શહેરની બિન વ્યવસાયિક જાણિતી સંસ્થા મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૩૦ ડિસેમ્બરને શનિવારના રોજ મેગા અંતાક્ષરી સ્પર્ધાનું ટાઉન હોલ, ગાંધીનગર ખાતે બપોરે ૨ થી ૫ દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં પ્રથમવાર વિસ્તૃત ફલક પર યોજાનાર આ સ્પર્ધામાં ભાગ લેવા સહુ શહેરીજનોને ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કોઈ ઉંમરબાધ નથી. ૮ થી ૮૦ વર્ષ સુધીની વયના સૌ આબાલવૃદ્ધ વ્યક્તિ અંતાક્ષરી સ્પર્ધામાં ભાગ લઈને આનંદ માણી શકશે. ભાગ લેનારે ૩ વ્યક્તિઓની બનેલી ટીમ સ્વરૂપે ભાગ લેવાનો રહેશે. ટીમમાં પણ અલગ-અલગ ઉંમરની વ્યક્તિનો કોઈ જ બાધ નથી. પ્રથમ સેમિફાઈનલ રાઉન્ડ યોજાશે. જેની તારીખ હવે પછી જણાવવામાં આવશે. અંતાક્ષરી સ્પર્ધાના માધ્યમથી પૂરા થતા વર્ષને સંગીતમય રીતે આનંદપૂર્વક વિદાય કરી નવા વર્ષને હર્ષોલ્લાસથી વધાવવાના અવસરને ઝડપી લેવા અને ઉત્સાહથી ભાગ લેવા સૌને આમંત્રણ પાઠવાયું છે. વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે મમતા રાવલ અને નિમેષ રાવલ, ફોન નંબર- ૯૮૭૯૫ ૨૮૭૦૨ અને ૯૮૭૯૫ ૨૮૭૨૨, અથવા મહર્ષિ રાવલ, ફોન નંબર - ૯૯૭૯૮ ૯૮૭૪૨નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# અંડર-૧૯ વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડની ટીમમાં પોરબંદરનો પ્રેમ સીસોદીયા

ગાંધીનગર, તા. ૧૬

મુળ પોરબંદર જિલ્લાના વિસાવાડા ગામના અને હાલ યુકે ખાતે સ્થાઈ થયેલા પ્રેમ સીસોદીયા નામના યુવાનની પસંદગી અંડર-૧૯ વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની ટીમ માટે થઈ છે જે પોરબંદર માટે ગૌરવ પૂર્ણ ઘટના કહી શકાય.

પોરબંદર નજીકના વિસાવાડા ખાતે રહેતા પરબતભાઈ સીસોદીયા છેલ્લા ૨૦ વર્ષથી યુકેમાં સ્થાઈ થયા છે. તેમના પુત્ર પ્રેમને બાળપણથી જ ક્રિકેટનો શોખ હતો અને તેમણે યુનિવસિર્ટીમાં અભ્યાસ કરવાની સાથે સાથે કલીફટોન નામની સ્પોર્ટસ સ્કૂલમાં ક્રિકેટની તાલિમ લીધી હતી અને શ્રેષ્ઠ પ્રદર્શન કરી અને સ્કોલરશીપ પણ મેળવી હતી.

તાજેતરમાં જ અંડર -૧૯ વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની ટીમની પસંદગી કરવામાં આવી હતી જેમાં પ્રેમ સીસોદીયાના પ્રદર્શનને લઈને તેમનો ઈંગ્લેન્ડની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આગામી દિવસોમાં ન્યુઝીલેન્ડ ખાતે અંડર ૧૯ વર્લ્ડકપનું આયોજન કરવામાં આવ્યુ છે જેમાં પોરબંદરના વિસાવાડા ગામનો પ્રેમ સીસોદીયા પણ બેટીંગ અને બોલિંગ કરતો નજરે પડશે. પોરબંદરના જયદેવ ઉનડકટે ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યુ હતુ તો અજય લાલચેતાએ ઓમાનની ટીમમાં સ્થાન મેળવયુ હતુ ત્યારે હવે વિસાવાડાના પ્રેમ સીસોદીયાએ ઈંગ્લેન્ડની ટીમમાં સ્થાન મેળવી અને પોરબંદરને ક્રિકેટ ક્ષેત્રે આગવી ઓળખ આપી છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજીની શાળાઓમાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની ૮ શાળાઓમાં કુલ ૩૩૧ બાળકોને ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ત્રણ શાળાઓમાં ક્રિકેટની કિટ પણ ભેટ ધરવામાં આવી હતી અને ૧૨૦ પેકેટ બિસ્કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું અને ૮૦ બાળકોને નાસ્તો કરવામાં આવ્યો હતો. બે શાળાઓમાં બાળકોને વિવિધ રમતો મિલિન્દભાઈ દ્વારા રમાડવામાં આવી હતી. દમણી, સનોક, વાગોદર, ભેટાલી આશ્રમ શાળા, હરદાસપુર, માવજીપુરા, વસઈ અને જસવંતપુર શાળાઓને આ સેવાયજ્ઞ અંતર્ગત આવરી લેવામાં આવી હતી. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં શ્રુતિ ગુપ્તે, ઊર્મિલા ઝણકાટ, યોગેશ અને ભીમજીભાઈ જોડાયા હતા.

# બીબીએ કૉલેજ દ્વારા રાજ્યકક્ષાના 'આયના-મેગ્નેટ' તેમજ કાર્યક્રમનું સમાપન







ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમીનીસ્ટ્રેશન ખાતે આયોજિત ત્રણ રાજ્ય કક્ષાની મેગા ઈવેન્ટનું આજરોજ સમાપન થયું. યુનીવર્સીટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ.પટેલ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના ઉપરોક્ત કાર્યક્રમ બાબતે શુભકામના પાઠવવા માં આવી હતી.

ઉપરોક્ત મેગા ઈવેન્ટમાં વિદ્યાર્થીઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો. ત્રણ ઈવેન્ટ જે વિદ્યાર્થીઓ ને અલગ અલગ ક્ષેત્રમાં તેમના આંતરિક ગુણોને વિકસાવે તેવો પ્રયત્ન આ ઈવેન્ટમાં કરવામાં આવ્યો હતો. ગુજરાતની અનેક ખ્યાતનામ શાળાના ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ ત્રિદિવસીય મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાની કળા ને પ્રદર્શિત કરી હતી.

વિદ્યાર્થીઓની વિવિધ સ્પર્ધાઓનું મૂલ્યાંકન ગુજરાતના વિવધ ક્ષેત્રના તજજ્ઞ નિર્ણાયક ગણ દ્વારા નિર્ણય આપવામાં આવ્યો હતો.તેમજ ઉપરોક્ત પ્રતિષ્ઠિત મહાનુભાવો એ વિદ્યાર્થીઓ ને ભવિષ્યમાં હજી સારીરીતે રજૂઆત કઈરીતે થઇ શકે તે બાબતે સૂચનો પણ કર્યા હતા. જેને વિદ્યાર્થીઓ એ ખુબ ગંભીરતા પૂર્વક લીધા હતા. અને ભવિષ્યમાં તે મુજબ સુધાર કરવા દ્રઢ નિશ્ચય કર્યો હતો. સ્પર્ધામાં વિજેતા થવું અભિનંદનને પાત્ર છે.પણ તેના કરતા વધારે સ્પર્ધામાં ભાગ લઈ પોતાના વ્યક્તિત્વ ને સમાજ સમક્ષ મુકવાનો પ્રયત્ન કરવો તે આજના આ ઈન્ટરનેટ તેમજ મોબાઈલ ના યુગમાં ખુબ મહત્વનું પાસું છે. કોલેજના આચાર્ય દ્વારા ત્રણે દિવસ તમામ શિક્ષકો, નિર્ણાયક ગણ તેમજ વિવિધ શાળાના આચાર્યશ્રીઓ ને મળી અને ઈવેન્ટ બાબતે તેમના વિચારો સાંભળ્યા હતા.સાથે સાથે તમામ ઈવેન્ટ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. ઓવર ઓલ ઈન્ચાર્જ ડો.જયેશ તન્ના સતત વિદ્યાર્થીઓ સ્ટાફ તેમજ આયોજન સાથે સંલગ્ન સૌ સાથે સમન્વય માં રહી ઈવેન્ટ ને સફળ બનાવવા કાર્ય કરી રહ્યા હતા. સતત ૧૮ વર્ષથી 'આયના' શૈક્ષણિક તેમજ સાંસ્કૃતીક કાર્યક્રમ તેમજ મેનેજમેન્ટ પ્રદર્શન અને એન્ટરપેન્યોર ફીયેસ્ટા ત્રણ ઈવેન્ટ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મેનેજ કરવામાં અવી રહી છે.

તમામ સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને કોલેજ તરફથી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. તેમજ તેની સાથેસાથે વિજેતા પ્રથમ અને બીજા ક્રમને ટ્રોફી આપવામાં આવશે. કોલેજના વિદ્યાર્થીઓમાં ક્રોસરોડ સ્પર્ધામાં ઓવર ઓલ બેસ્ટમાં સંદીપ શર્મા, પ્રથમ ક્રમે રિતિક શર્મા તેમજ દ્વિતીય ક્રમે દશરથ રબારી જયારે ઓડીયન્સ રિસ્પોન્સ એવોર્ડ જીગીશ ગજ્જર તેમજ સુહાની પટેલ અને હની વ્યાસને પ્રથમ તેમજ દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. જયારે આયનાની વિવિધ સ્પર્ધામાં કોલેજના ૧૪ વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

મેગ્નેટ પ્રદર્શન માં ૩૧ શાળા-કોલેજના ગ્રુપમાંથી કુલ ૫ ગ્રુપ પ્રથમ ક્રમે વિજેતા રહ્યા જયારે ૫ ક્રમ દ્વિતીય ક્રમે આવ્યા હતા. બ્રાન્ડીંગ ગ્રુપ તૃતીય વર્ષમાંથી, વેન્ચર ગ્રુપ દ્વિતીય વર્ષમાંથી તેમજ ગ્લોબલ વૉર્મિંગ ગ્રુપ પ્રથમ વર્ષમાંથી પ્રથમ ક્રમે આવ્યા હતા. જયારે ૫એસ ગ્રુપ, રોલ ઓફ ફોર પી એન્ડ ફોર સી ઈન માર્કેટિંગ દ્વિતીય વર્ષ અને ગ્લાસ બિલ્ડીંગ સ્તેકીંગ કપ્સ મેનેજમેન્ટ ગેમ સ્પર્ધા માં અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમે આવ્યા હતા. જયારે સ્કુલ કેટેગરી માં વેસ્ટ ઈઝ નોટ વેસ્ટ પ્રથમ ક્રમે તેમજ એમ.બી.પટેલ ઈંગ્લીશ મીડીયમ માધ્યમિક શાળા નો હાયડ્રો ઈલેક્ટ્રિક પાવર પ્લાન્ટ દ્વિતીય ક્રમે આવ્યા હતા.

ઈનામ વિતરણ કાર્યક્રમમાં સ્કૂલ સંકુલ અમદાવાદમાંથી આચાર્યા અમીબેન દેસાઈ, શ્રી પ્રતાપ હિન્દી સ્કુલના આચાર્ય યુવરાજસિંહ વાઘેલા, કે. બી. ફાર્મસી ઈન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર ડો. દેશપાંડે, એન્ડેવર સંસ્થા ગાંધીનગર શાખાના ડાયરેક્ટર સઝી શાહ, વસંતકુંવરબા વિદ્યાલયના આચાર્યા મૃદુલાબેન, પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષભાઈ જેવા મહાનુભાવોએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, ઑવર ઑલ ઈંચાર્જ ડૉ. જયેશ તન્ના તેમજ 'આયના' ઈવેન્ટ ઈન-ચાર્જ ડૉ.નીરવ જોષી, મેગ્નેટ ઈવેન્ટ ઈન-ચાર્જ પ્રો.અમિતા પ્રજાપતિ અને એન્ટપ્રેન્યોર ફિયેસ્ટા ઈન્ચાર્જ ડો. આશિષ ભુવા સાથે સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળતાપુર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.